ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી



## ઉછીના પૈસા પાછા માંગતા મુંબઈના દંપતીને માર મરાયો

વાપી: મુંબઈમાં રહેતા મોહમદ અખતર રમઝાન હુસેન (ઉં.38)એ પરિચિત રામ ચંદેશ્વર સિંહ (રહે., અંજલ શલાખા, પરવરીશ હોસ્પિટલ પાછળ, ચલા)ને રૂ.1,85,000 ઉછીના આપ્યા હતા. મોહમદની પત્નીને કેન્સરની બીમારી હોય સારવાર માટે પૈસાની જરૂર પડતા તા.4-9-26 ના રોજ ચલામાં રહેતા રામ સિંહ પાસે આવી પહોંચ્યા હતા ત્યારે રામસિંહે ઝપાઝપી કરી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી અને મોબાઈલ ફોન વડે પગમા છાતીમાં માર માર્યો હતો. સારવાર માટે ચલા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ સેલવાસ નમો હોસ્પિટલ ગયા હતા જ્યાં છાતીની પાંસળીમાં ફ્રેક્ચર હોવાનું જણાયું હતું. આ અંગે મોહમદ અખતરે વાપી ટાઉન પોલીસમથકમાં રામ સિંહ સામે ફરિયાદ નોંધાવી હતી.

## ભીલાડમાં બેકાબૂ કારે અડફેટે લેતાં મહિલાનું મોત

ઉમરગામ: ઉમરગામના ભીલાડ ઇન્ડિયા પાડા ખાતે રહેતા ફરિયાદી હરીવંશ મોહન ચૌહાણ અને તેની પત્ની રેવંતી (ઉં.વ.32, મૂળ યુપી) ગત રોજ સાંજના ભીલાડ ઇન્ડિયા પાડા બજારમાંથી સર સામાન લઈને પરત ઘરે આવતા હતા. તે દરમિયાન શિવમ વજન કાંટાની સામે નરોલીથી ભીલાડ તરફ જતા રોડ પર ઇકો કાર (નં. જીજે 15 સીજે 6867)ના ચાલકે અડફેટે લેતા અકસ્માતમાં રેવંતીને ગંભીર ઈજા પહોંચતા એમ્બ્યુલન્સમાં સેલવાસ નમો હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા ફરજ પરના ડોક્ટરે ચેક કરતા મૃત જાહેર કરી હતી. બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં કારચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

## બોરલાઈ, વલવાડામાં 2.23 લાખના વીજ વાયર્સની ચોરી

ઉમરગામ: તારીખ 29 સપ્ટેમ્બરથી તારીખ 8 ઓક્ટોબર દરમિયાન કોઈ ચોર ઇસમો બોરલાઈ સ્મશાન ભૂમિ રોડ ખાતેથી એલ્યુમિનિયમના વાયરો 3720 મીટર કિંમત રૂપિયા 1,42,763 તથા વલવાડા સંગાડીપાડા ખાતે સ્મશાન ભૂમિ તરફના રસ્તા પાસેથી એલ્યુમિનિયમના વાયર 1350 મીટર કિંમત રૂપિયા 51,809 તથા બોરીગામ જાડી ફળિયા બુલેટ ટ્રેન પાસે ખેતરમાંથી 11 કેવીના એલ્યુમિનિયમ કેબલ વાયર 750 મીટર કિંમત રૂપિયા 28,983ની એમ કુલ 5820 મીટર જેની કિંમત રૂપિયા 2,23,555 ની મતાની ચોરી કરી થવા પામી છે. જે અંગે સરીગામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

## વલસાડમાં ૨૦મી ઓક્ટોબરે હળવા વરસાદની આગાહી

વલસાડ: હવામાન ખાતાની આગાહી મુજબવતા. ૨૦ ઓક્ટોબરનાં રોજ હળવા વરસાદની શક્યતા છે, આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોને પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતોને સંદેશ પાઠવવામાં આવ્યો છે. ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલો પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવા, ઢગલાની ફરતે માટીનો પાળો બનાવવા, જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો, ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહી તે મુજબ સુરક્ષિત રાખવા, એ.પી.એમ.સી.મા વેપારી અને ખેડૂતોએ કાળજી રાખવા અનુરોધ કર્યો છે.

# વલસાડમાં હવે GIS આધારિત મિલકત સરવે કામગીરી શરૂ થશે

**અર્બન** એટલાસ પ્રોજેક્ટ અંતર્ગત વલસાડ શહેરમાં પ્રોજેક્ટ અમલમાં મુકાયો, મિલકત ધારકો પાસે માહિતી લેવાશે



વલસાડ: વલસાડ શહેરના સર્વાંગી, સુઆયોજિત અને આધુનિક વિકાસને વધુ વેગ આપવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ મંત્રીના માર્ગદર્શન હેઠળ વલસાડ નગરપાલિકા વિસ્તારમાં અર્બન એટલાસ પ્રોજેક્ટ અંતર્ગત GIS આધારિત મિલકત સરવેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM) ગાંધીનગર દ્વારા આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ વલસાડ શહેરમાં અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના સફળ અમલીકરણ માટે એમનેક્સ ઈન્ફો ટેકનોલોજીસ કંપનીની નિમણૂક કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય વલસાડ શહેરની વર્તમાન શહેરી પરિસ્થિતિ તમામ મિલકતો, જાહેર ઉપયોગિતાઓ તથા વિવિધ શહેરી સંપત્તિઓ અંગેની ચોક્કસ અને GIS આધારિત ડિજિટલ માહિતી એકત્રિત કરી સુવ્યવસ્થિત ડેટાબેઝ તૈયાર કરવાનો છે.

આ ડેટાબેઝ ભવિષ્યમાં શહેરી આયોજન, માળખાકીય સુવિધાઓના વિકાસ અને નાગરિકલક્ષી સેવાઓના વધુ સુદ્રઢ આયોજન માટે ઉપયોગી સાબિત થશે.

સરવે કામગીરી દરમિયાન કંપનીના અધિકૃત સરવે કર્મચારીઓની ટીમ વલસાડ નપાના વિવિધ વોર્ડમાં મુલાકાત લેશે. સર્વેયર દ્વારા મિલકતની ઓળખ અને વિગતોની ચકાસણી માટે જરૂરિયાત મુજબ મિલકત વેરાનું બિલ, વીજળીનું બિલ, મિલકતની ઈન્ડેક્સ કોપી સહિતના સંબંધિત દસ્તાવેજો રજૂ કરવા અનુરોધ કરવામાં આવી શકે છે.

### માહિતીની સુરક્ષા જાળવવા જરૂરી તકેદારી રખાશે

વલસાડ પાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે ાગરિકો પાસેથી મેળવવામાં આવતી માહિતીનો ઉપયોગ માત્ર પ્રોજેક્ટના અધિકૃત હેતુઓ માટે જ કરવામાં આવશે તથા માહિતીની સુરક્ષા જાળવવા જરૂરી તકેદારી રાખવામાં આવશે. વલસાડ શહેરના સુઆયોજિત વિકાસ અને આધુનિક શહેરી વ્યવસ્થાપન માટે આ પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ છે, ત્યારે વલસાડ નપા દ્વારા શહેરના તમામ નાગરિકોને સરવે કામગીરી માટે આવતા અધિકૃત કર્મચારીઓને જરૂરી સહકાર આપવા માંગવામાં આવતી સંબંધિત માહિતી સાચી અને યોગ્ય રીતે ઉપલબ્ધ કરાવવા તથા આ નગરહિતના કાર્યને સફળ બનાવવા સહયોગ આપવા ચીફ ઓફિસર દ્વાર અનુરોધ કરવામાં આવ્યો છે.

# ભીમપોર કંપનીમાં બ્લાસ્ટમાં સાંસદની તપાસની માંગ

**એક** મજૂરનું મોત અને અન્ય મજૂરોની ગંભીર હાલત અંગે સત્તાવાર સ્પષ્ટતા કરો: ઉમેશ પટેલ

દમણ: સંઘપ્રદેશ દમણના ભીમપોર પાંચાલ ઉદ્યોગનગરમાં આવેલી શ્રી સાંઈ ટ્રેડિંગ કંપનીમાં 16 ઓક્ટોબરે થયેલા ભયાનક ભઠ્ઠી બ્લાસ્ટની ઘટનાને લઈને સાંસદ ઉમેશ પટેલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે સંઘપ્રદેશના પ્રશાસકના સલાહકારને પત્ર લખી સમગ્ર ઘટનાની ઉચ્ચસ્તરીય નિષ્પક્ષ તપાસ કરાવી જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આ દુર્ઘટનામાં પાંચ જેટલા મજૂરો દાઝ્યા હોવાના અહેવાલો વચ્ચે એક મજૂરનું મોત અને અન્ય મજૂરોની ગંભીર હાલત અંગે સત્તાવાર સ્પષ્ટતા કરવાની માંગ કરાઈ છે. સાંસદે ઘાયલોને મરવડ સરકારી હોસ્પિટલને બદલે ગુજરાતના વાપીની ખાનગી હોસ્પિટલમાં કેમ ખસેડાયા તે અંગે પણ સવાલ ઉઠાવ્યા છે. સાંસદે કંપનીના લાઈસન્સ, ફાયર એન.ઓ.સી, સુરક્ષા વ્યવસ્થા અને છેલ્લા પાંચ વર્ષના નિરીક્ષણ અહેવાલોની તપાસ કરવા, ઈજાગ્રસ્તોને સારવાર તથા વળતર આપવા અને જવાબદાર અધિકારીઓની ભૂમિકા તપાસવા માંગ કરી છે. સાથે જ વરિષ્ઠ પોલીસ અધિકારીના નેતૃત્વમાં એસ.આઈ.ટી. રચી 15 દિવસમાં કાર્યવાહીનો વિગતવાર અહેવાલ રજૂ કરવા પણ માંગણી કરી છે. મજૂરોની જિંદગી સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન નહીં કરાય તેમ જણાવ્યું હતું.

## વાપી ગીતાનગરના મુખ્ય માર્ગ પરનાં દબાણો દૂર કરાયાં



વાપી: વાપી રેલવે સ્ટેશન રોડ ગીતાનગરના મુખ્ય માર્ગ ઉપર લાંબા સમયથી થયેલા દબાણોને દૂર કરવા માટે મામલતદાર દ્વારા નોટિસ આપવામાં આવી હતી. જો કે, નોટિસ સમય વીતવા છતાં સ્વૈચ્છિક રીતે દબાણો દૂર થયા ન હોવાથી ગેરકાયદે થયેલા કોમર્શિયલ દબાણો હટાવવા માટે વાપી મામલતદાર, વાપી ટાઉન પોલીસ ટીમ જેસીબી સહિત આવી પહોંચી હતી. ત્યારબાદ વીજ કનેક્શન કાપી દબાણો જેસીબીથી હટાવી દેવામાં આવ્યાં હતાં. આ દબાણ હટાવવાની કામગીરી વચ્ચે ત્યાંના રહેવાસીઓમાં રોષ ભભૂક્યો હતો અને જવાબદાર વિભાગની ટીમ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ કાર્યવાહીને પગલે અન્ય દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો.

# વલસાડમાં આઝાદ ચોકથી મસ્જિદ થઈ કોસંબા રોડનાં દબાણો દૂર કરો

**વલસાડ** જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્યોની વિવિધ રજૂઆતો અંગે ચર્ચા કરાઈ



વલસાડ: વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને મળી હતી. . વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલે વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આઝાદચોકથી મસ્જિદ થઈ કોસંબા રોડ પરના દબાણો દૂર કરવા રજૂઆત કરતાં ચીફ ઓફિસરે જગ્યા અંગે જરૂરી માપણી થયા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ જણાવ્યું હતું. ધારાસભ્યે વલસાડ તાલુકાની વાઘલધરા દમણગંગા આધારિત પાણી પુરવઠા યોજના ચાલુ કરવા અંગે રજૂઆત કરી હતી. અધિક્ષક ઈજનેર પાણી પુરવઠા બોર્ડના અધિકારીએ આગામી ડિસે-2026 પૂર્ણ કરી, પાણી પુરવઠો ચાલુ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. પારનેરા હીલ સ્ટેશન કામગીરી અંગે રજૂઆત કરતાં, વન વિભાગના અધિકારીએ ટેન્ડર થયું હોવાનું જણાવ્યું હતું. ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકરે ઉમરગામ તાલુકાના આદિજાતિ વિસ્તારના ૫૪ ગામમાં વાસ્મોની યોજનાઓ કેટલી યોજનાઓ કાર્યરત છે અને બંધ છે, તો ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ ધરમપુર બામટી ખાતે સાંસ્કૃતિક ભવનનું અધૂરા કામ બાબતે રજૂઆત કરી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકે જણાવ્યું કે, જિલ્લા સાત વર્ષમાં 4023 મંજૂર થયેલા આવાસો પૈકી 3635 પૂર્ણ કરવામાં આવ્યા છે. ધારાસભ્યે ધાર્મિક સ્થળોનો વિકાસ કરવા પણ રજૂઆત કરી હતી. કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પણ તેમના વિવિધ પ્રશ્નોની રજૂઆતો કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જીલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

# ડાંગમાં વરસાદના અભાવે ખેતી પાકને ભારે નુકસાન

**અછતગ્રસ્ત** જાહેર કરી તાત્કાલિક વળતર આપવા રાજ્યના કૃષિ મંત્રીને રજૂઆત

સાપુતારા: ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસાના આખરી તબક્કામાં છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી વરસાદ બિલકુલ બંધ થઈ જતાં અને અનાવૃષ્ટિ જેવી વિષમ પરિસ્થિતિ સર્જાતાં જિલ્લાના ગરીબ અને આદિવાસી ખેડૂતો તેમજ પશુપાલકો ગંભીર આર્થિક સંકટમાં મુકાયા છે.

આ ગંભીર અને વિષમ પરિસ્થિતિને ધ્યાને લઈ આહવા તાલુકા પંચાયતના સદસ્ય અને પૂર્વ યુવક કોંગ્રેસ પ્રમુખ રાકેશભાઈ ભરતભાઈ પવાર દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટર મારફતે રાજ્યના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીને સંબોધીને એક આવેદનપત્ર પાઠવી તાત્કાલિક રાહત પગલાં ભરવા રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ અને મહેસૂલ વિભાગ દ્વારા સરવે કરવા, વરસાદ ખેંચાવાથી થયેલા વ્યાપક નુકસાનને ધ્યાને લઈ ડાંગ જિલ્લાને સત્તાવાર રીતે 'અછતગ્રસ્ત' (Drought-affected) જાહેર કરવામાં આવે અથવા વિશેષ કૃષિ રાહત પેકેજની જાહેરાત કરાય, પાક વીમાનું વળતર ત્વરિત ચૂકવવામાં આવે, ખેડૂતોના કૃષિ ધિરાણ/લોનના હપ્તા પાછા ઠેલવવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. જો સરકાર દ્વારા તાત્કાલિક સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો સ્થાનિક ખેડૂતોને સાથે રાખીને ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# જિલ્લાનાં તમામ મતદાન મથકો પર BLO હાજર રહેશે

**પાત્રતા** ધરાવતા બાકી રહેલા મતદાર તરીકે નોંધણી કરાવવા વલસાડ કલેક્ટરની અપીલ

વલસાડ: વલસાડ જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાને મતદારયાદી વિશેષ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત પાત્રતા ધરાવતા બાકી રહેલા યુવા મતદારોને તા.૧-૧-૨૦૨૭ લાયકાતની સ્થિતિએ મતદાન મથકો પર જઈ નામ નોંધણી કરવા ખાસ અપીલ કરી છે. કલેકટરાલય ખાતે પત્રકારોને વિગતો આપતાં તેમણે જણાવ્યુ હતું કે, બીએલઓ જિલ્લાના તમામ મતદાન મથકો પર તા.૧૮/૧૦/૨૦૨૬, ૨૫/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૧૦થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી હાજર રહેશે. તેઓ સ્થળ પર નવા મતદાર નોંધણી, વાંધા-સુધારણા ફોર્મ નં- ૬,૭ અને ૮ સ્વીકારશે.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં જે નવા મતદારો તા.૧-૪-૨૦૨૭, તા.૧-૭-૨૦૨૭ અને તા.૧-૧૦-૨૦૨૭ ની તારીખે લાયકાત ધરાવતા હશે તેઓ પણ એડવાન્સમાં નવા મતદાર તરીકે ફોર્મ ભરી શકશે. યોગ્ય સમય-સૂચિ મુજબ લાયક મતદારો પોતાનું નામ મતદારયાદીમાં ચોક્કસ ચકાસી લે અને નવા નામ નોંધાવવા, સુધારણા કરવા અથવા વાંધા માટે નિર્ધારિત ફોર્મ (ફોર્મ 6, 6A, 7, 8) નો ઉપયોગ કરીને અરજી કરવી. વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ તેમજ ભારતીય ચૂંટણી પંચની વેબસાઈટ www.eci.gov.in પર પણ મળી રહેશે.

# રૂ.૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા મોરાઈ સહિતના બ્રિજનું લોકાર્પણ

**કોલક** નદી પર પાંચ નવા બ્રિજ બની રહ્યા છે: કનુભાઈ દેસાઈ



વાપી: રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપીના મોરાઈ વટાર મુખ્ય રસ્તાથી બગવાડાને જોડતા રોડ પર કોલક નદી ઉપર રૂપિયા ૧૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા મેજર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકસભાના દંડક અને સાંસદ ધવલભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસો. દ્વારા મંત્રી અને સાંસદનું પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. આ લોકાર્પણ પ્રસંગે વાપીના મેયર દક્ષાબેન પટેલ, ડે.મેયર મિતેશ દેસાઈ,શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષ પટેલ, વાપી મનપા કમિશનર એન.એફ. ચૌધરી અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા છે.

### સલવાવ મૂળગામ અંબાચ રોડ પર કોલક નદી પરનો મેજર બ્રિજ પણ શરૂ

નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આ બ્રિજ બનવાથી અંદાજે 35 હજાર લોકોને ફાયદો થશે. કપરાડાના ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીએ જણાવ્યું કે, આ બ્રિજના નિર્માણથી આસપાસના ગ્રામજનોને સ્ટેટ હોસ્પિટલનો સીધો લાભ મળશે. આ બ્રિજથી દમણની કનેક્ટિવિટી વધશે. આ સાથે જ કોલક નદી પર પાંચ નવા બ્રિજ બની રહ્યા છે જેથી જરૂરિયાત મુજબના વિકાસના તમામ કામો થઈ રહ્યા છે. આ બ્રિજથી વાપીથી અંબાચ વચ્ચેનું અંતર 18 કિમિથી ઘટીને 5 કિમી જેટલું થતાં આજુબાજુના ગામના હજારો લોકોને ફાયદો થશે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીના ચીવલ રોડવાળા ગેરેજમાંથી 3 ઈસમ ચોરીની 4 બાઈક સાથે ઝડપાયા





પારડી: પારડી અને નાનાપોંઢા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી બાઈક ચોરીના 4 અનડીટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલી પારડીના ચીવલ રોડ પર વ્હોરા સમાજના કબ્રસ્તાન સામે આવેલા સુપર ઓટો ગેરેજમાંથી 3 આરોપીને વલસાડ જિલ્લા પોલીસની SOG ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી 4 હીરો સ્પ્લેન્ડર બાઈક અને 3 મોબાઇલ ફોન મળી કુલ રૂ. ૧,૬૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડેલા આરોપીઓમાં મુજ્જમીલ ઉર્ફે મોજુ મકબુલભાઈ મકરાણી, તાલીબ ઉર્ફે તાલીયા જનાબ મલિક અને સોહેલ ઉર્ફે ગોલુ સરવર શેખ (ત્રણેય રહે., નાનાપોંઢા)નો સમાવેશ થાય છે. પૂછપરછ દરમિયાન ચારેય બાઈક ચોરીની હોવાની કબૂલાતના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી.

### ખેરગામના ભૈરવી ખાતે રૂ.૩૫ લાખના ખર્ચે નિર્મિત પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ



ખેરગામ: સામાજિક વનીકરણ વિભાગ દ્વારા નવસારીના ખેરગામના ભૈરવી ગામે શનિદેવ મંદિરના પ્રાંગણમાં અંદાજે રૂ.૩૫ લાખના ખર્ચે નિર્મિત પંચવટી વિકાસ કેન્દ્રનું આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિએ પર્યાવરણની જાળવણી માટે પોતાની જવાબદારી સમજીને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને ઉછેરવા જોઈએ. મંત્રીએ જાહેર સ્થળો અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા પણ ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. કાર્યક્રમના અંતે મંત્રી પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ વન સંરક્ષક ઉર્વશી પ્રજાપતિ, તા.પં. હંસાબેન પટેલ, જિ.પં.ના સભ્ય મોહિનીબેન, હેતલબેન, કારોબારી અધ્યક્ષ જીજ્ઞાબેન પટેલ, શનિદેવ મંદિરના ટ્રસ્ટીઓ, ગ્રામજનો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### વાપી કેબીએસ અને નટરાજ કોલેજમાં 12-દિવસીય EDP પૂર્ણ



વાપી: વાપી ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજના ઓડિટોરિયમમાં(EDP) સેન્ટર ફોર આન્ત્રપ્રીનીયોર્શીપ ડેવલોપમેન્ટના સહયોગથી અને સેલ્ફ-હેલ્પ ફોરમના બેનર હેઠળ ૧૨ દિવસીય ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ (EDP)- મોડ્યુલ 0.2 નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 30 વિદ્યાર્થીની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી હતી. સેન્ટર ફોર એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ (CED), વલસાડના સંયોજક મેહુલ પટેલ મુખ્ય વક્તા હતા. સમગ્ર વર્કશોપનું સંકલન સેલ્ફ-હેલ્પ ફોરમના સંયોજક ડો. દિપક એમ. સાંકી અને તેમની ટીમ દ્વારા કરાયું હતું. કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડો.પૂનમ બી. ચૌહાણે (EDP) તમામનો આભાર માન્યો હતો.

### વાપીની Athletics Meet સ્પર્ધામાં R. K. Desai Collegeના વિદ્યાર્થીને બે સુવર્ણચંદ્રક



વાપી: વાપી R. S. Jhunjhunwala International School, Vapi ખાતે ખેલમહાકુંભ ઈસ્ટ ઝોન વાપી દ્વારા Athletics Meet સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં R. K. Desai Achchhariwala College of Computer and Applied Sciences, Vapiના S.Y. BCAમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી Jha Ayush Nishakarએ ઉત્કૃષ્ટ રમતગમત પ્રદર્શન કરી Shot Put Throw તથા Discuss Throw બંને સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી સુવર્ણચંદ્રક (Gold Medal) પ્રાપ્ત કર્યો હતો. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કોલેજના HOD નેહા પટેલ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ તથા કોલજના ચેરમેન મિલન દેસાઈ દ્વારા આયુષ નિશાકરને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### પારડી નવરાત્રિમાં નાણામંત્રીએ માતાજીની આરતીનો લાભ લીધો





પારડી: પારડી કુમાર શાળાના મેદાને નવરાત્રિ મહોત્સવના છઠ્ઠે નોરતામાં ગુજરાત રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને માતાજીની આરતીનો લાભ લીધો હતો. સાથે વાપી મહાનગર પાલિકાના કારોબારી અધ્યક્ષ સતીશ પટેલ, ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, પારડી ભાજપ પ્રમુખ વિપુલ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. આયોજક જયસિંગ ભરવાડ, જૈનિલ દેસાઈ, આશિત દેસાઈ, હાર્દિક પટેલ અને મેહુલ ભરવાડની ટીમે મંત્રી કનુભાઈ દેસાઈનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ મહોત્સવમાં પારડી નગરપાલિકા પ્રમુખ ચેતન નાયકા, પારડી શહેર ભાજપ પ્રભારી રમેશભાઈ, મહામંત્રી અશોક પ્રજાપતિ, આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, વોટર વર્કસ ચેરમેન જીગ્નેશ પટેલ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### બલીઠા જકાતનાકા પાસે માલગાડીની અડફેટે દેરાણી-જેઠાણીનાં મોત

વાપી: બલીઠા ડુંગરી ફળીયા વિસ્તારમાં રહેતા બે ભાઈ નિલેશ જયંતિભાઈ પટેલ અને નીતિન જયંતિભાઈ પટેલની પત્નીઓ ભાવના નીતિનભાઈ પટેલ અને નેહા નિલેશભાઈ પટેલ વાપીના ચલા વિસ્તારમાં આવેલી સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં મધ્યાહન ભોજન બનાવવાનું કામ કરતી હતી. શનિવારે બપોરે શાળા છૂટ્યા બાદ બંને ઘરે પરત ફરી રહી હતી. તે દરમિયાન જકાત નાકા પાસેના રેલવે ટ્રેકને ક્રોસ કરતી વખતે બંને મહિલા ગુડ્સ ટ્રેનની અડફેટે આવી જતાં તેમના મોત થયા હતા. આ બનાવની જાણ થતાં રેલવે પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. એક જ પરિવારની બે સગી દેરાણી-જેઠાણીના એકસાથે અચાનક કરૂણ મોત નિપજતા બલીઠા ડુંગરી ફળિયા વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.